सत्यमेव जयते

**પલસાણાના મહે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જે.જે. આહુજા) સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ:– | ૧૧.૦૩.૨૦૨૬ |
| ક્રિમિનલ કેસ ક્રમાંક:– | ૨૬૦૯/૨૦૨૩ |
| આંક:– | ૪૭ |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન:– | ૦૪૯૫/૨૦૨૩ પલસાણા પોલીસ સ્ટેશન, તા.પલસાણા. |
| ફરિયાદી:– | શ્રી સરકાર (રાજ્ય) |
| ફરિયાદપક્ષે:– | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી જે.ડી.પટેલ |
| આરોપી:– | (૧) નામ:– અજયકુમાર સુધીરામ પાલ<br>ઉંમર:– ૩૪ , ધંધો:– વેપાર<br>સરનામું:– પલસાણા રાજકૃષ્ણ રેસીડેન્સી, ઘર નં. ૩૦૩, મેધા પ્લાઝા, તા. પલસાણા,જી.સુરત.<br>(૨)નામ–રામજીત લાલબહાદુર પાલ<br>ઉંમર:– ૨૮, ધંધો:– વેપાર<br>સરનામું:– પલસાણા રાજકૃષ્ણ રેસીડેન્સી, ઘર નં. ૩૦૩, મેધા પ્લાઝા, તા. પલસાણા,જી.સુરત.<br>(૩)નામ–પન્નાલાલ પારથનાથ પાલ<br>ઉંમર:– ૩૦ ધંધો:– વેપાર<br>સરનામું:– પલસાણા વિનાયક પેલેસ રૂ.નં.– ૧૦૪, મેધા પ્લાઝા, તા. પલસાણા,જી.સુરત. |
| બચાવપક્ષે:– | વિદ્ધાન વકીલશ્રી એચ.જી.નાયકા |

| | |
|---|---|
| ગુનાની તારીખ:- | ૨૪.૦૪.૨૦૨૩ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:- | ૦૪.૦૫.૨૦૨૩ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:- | ૨૭.૦૯.૨૦૨૩ |
| તહોમતનામું ઘડયાની તારીખ:- | ૩૦.૧૧.૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ:- | ૦૨.૦૨.૨૦૨૪ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:- | ૧૯.૦૨.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:- | ૧૧.૦૩.૨૦૨૬ |
| આખરી હુકમ:- | નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે. |

**-:: આરોપીની વિગત ::-**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અજયકુમાર સુધીરામ પાલ | ૦૫.૦૫.૨૦૨૩ | ૦૬.૦૫.૨૦૨૩ | ઈ.પી.કો કલમ-૩૨૩,૩૨૪,૪૪૭, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭,૧૧૪ મુજબ | નિર્દોષ | - | - |
| ૨. | રામજીત લાલબહાદુર પાલ | ૦૫.૦૫.૨૦૨૩ | ૦૬.૦૫.૨૦૨૩ | | નિર્દોષ | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩. | પન્નાલાલ પારથનાથ પાલ | ૦૬.૦૬.૨૦૨૩ | ૦૭.૦૬.૨૦૨૩ | | નિર્દોષ | – | – |

**–:ચુકાદો:–**

**<u>ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:</u>–**

(૧) હાલના કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૪/૦૪/૨૦૨૩ના કલાક–૨૧/૦૦ વાગ્યાના અરસામાં મૌજે–પલસાણા ગામે મેઘા પ્લાઝા યોગી વીલા બિલ્ડીંગની પાસે રોડ પર આરોપીઓ(૧)અજયકુમાર સુધીરામ પાલ,રહે– પલસાણા રાજકૃષ્ણ રેસીડેન્સી, ઘર નં. ૩૦૩, મેઘા પ્લાઝા, તા.પલસાણા,જી.સુરત.(૨)રામજીત લાલબહાદુર પાલ,રહે –પલસાણા રાજકૃષ્ણ રેસીડેન્સી, ઘર નં. ૩૦૩, મેઘા પ્લાઝા, તા. પલસાણા,જી.સુરત. (૩)નામ–પન્નાલાલ પારથનાથ પાલ,રહે–પલસાણા વિનાયક પેલેસ રૂ.નં.–૧૦૪, મેઘા પ્લાઝા, તા. પલસાણા,જી.સુરત.નાઓએ એક સંપ થઇ સાહેદ અરબાઝ ઇસરાર અહમ્મદની સાથે જુની અદાવત રાખી બોલાચાલી અને ઝગડો કરવા લાગેલ જેથી ફરીયાદી છોડાવવા જતાં તેમની સાથે ગાળાગાળી કરી આરોપી અજયકુમાર સુધીરામ પાલ તથા રામજીત લાલબહાદુર પાલનાઓએ ઢીકમુકકીનો માર મારી અને આરોપી પન્નાલાલ પારથનાથ પાલનાઓએ ચાકુ કાઢી ઝપાઝપીમાં ફરીયાદીના જમણા હાથ પર તથા પેટના ભાગે ચાકુથી ઇજા કરી બીજીવાર માથાકુટ કરશો તો જાનથી મારી નાખીશું એવી ધમકી આપી તથા ફરીયાદીના રૂમમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રૂમમાંનો સામાનની તોડફોડ કરી નુકશાન કરી ઇ.પી.કો કલમ ૩૨૩, ૩૨૪, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨),૪૨૭,૧૧૪ મુજબનો ગુનો કરેલાનો આરોપી વિરુદ્ધ આક્ષેપ છે.

ઉક્ત આક્ષેપ અનુસંધાને સંબંધિત પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધી આરોપીની અટક કરી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખતા આરોપી વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીને જરૂરી નકલો પૂરી પાડી આરોપીની ગુના સંબંધે પ્લી રેકર્ડ કરતાં આંક-૦૫,૦૬,૦૭ અન્વયે આરોપીઓએ સબબ ગુનાનો ઈનકાર કરેલ છે, ત્યાદબાદ આ ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ.

**<u>ફરિયાદપક્ષનો પુરાવોઃ</u>-**

(૨) ફરિયાદપક્ષે શાહેદ નં.૧ પંચ-મેહુલભાઈ દેવરામભાઈ બેહેડે આંક-૦૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, આશરે છ માસ પહેલાં પલસાણા પોલીસે તેમની એક હથીયાર કબજે કર્યાના પંચનામામાં સહી લીધેલી. હથિયાર કયું હતું તેની તેમને ખબર નથી. તેઓ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે પંચનામાને રજુ દાખલ આંક-૦૯ આપવામાં આવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, પંચનામું પોલીસે તૈયાર કરેલું અને તેમણે ફકત સહી કરેલી.

(૩) ફરિયાદપક્ષે શાહેદ નં.૨ પંચ-જતીન તરૂણભાઈ સોંલકીને આંક-૧૨ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, આશરે એકાદ વર્ષ પહેલાં પલસાણા પોલીસે તેમની બે પંચનામામાં સહી

લીધેલી. હથિયાર કયું હતું તેની તેમને ખબર નથી.આ સિવાય તેઓ કંઈ જાણતા નથી. તેઓને ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે પંચનામાને રજુ દાખલ આંક–૧૩ આપવામાં આવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, પંચનામું પોલીસે તૈયાર કરેલું અને તેમણે ફકત સહી કરેલી.

(૪) ફરિયાદપક્ષે શાહેદ નં.૩ પંચ–પ્રતાપસીંગ રતનસીંગ ગિરાસેને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, આશરે એકાદ વર્ષ પહેલાં પલસાણા પોલીસે તેમની એક પંચનામામાં સહી લીધેલી.પંચનામું શેનું હતું તેની તેમને ખબર નથી.આ સિવાય તેઓ કંઈ જાણતા નથી. તેઓને પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે પંચનામાને રજુ દાખલ આંક–૧૬ આપવામાં આવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, પંચનામું પોલીસે તૈયાર કરેલું અને તેમણે ફકત સહી કરેલી.

(૫) ફરિયાદપક્ષે શાહેદ નં.૪ સાહેદ–તકદીરૂનીશા ઈસરાર અહેમદ કુરેશીને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. સાહેદને ગુજરાતી ભાષાનું જ્ઞાન ન હોય હિન્દીમાં પ્રશ્ન પુછી તેનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરી જુબાની નોંધવામાં આવેલ છે.તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ કેટલાં વર્ષ પહેલા બનેલો તેની તેમને ખબર નથી. બનાવ કંઇ બાબતનો હતો, બનાવમાં શું બનેલું તેની પણ તેમને ખબર નથી. પોલીસ તેમનું નામ પુછી ગયેલી તે સિવાય તેમને કંઇ ખબર નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્ધારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, તેમના પતિનો કોઈ ઝગડો થયેલ નથી કે મારામારી પણ થયેલ નથી. તેમના પતિની કોઈ સાછે દુશ્મની નથી.તેઓ પોલીસ સ્ટેશન ગયેલા હોય કે પોલીસ તેમના ઘરે આવેલી હોય તેનું બનેલ નથી.

(૬) ફરિયાદપક્ષે શાહેદ નં.૫ સાહેદ–આશિષ રામદાસ કુસ્વાહને આંક–૨૨ થી તપાસવામાં આવેલ છે. સાહેદને ગુજરાતી ભાષાનું જ્ઞાન ન હોય હિન્દીમાં પ્રશ્ન પુછી તેનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરી જુબાની નોંધવામાં આવેલ છે.તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ કેટલાં વર્ષ પહેલા બનેલો તેની તેમને ખબર નથી. બનાવ કંઇ બાબતનો હતો, બનાવમાં શું બનેલું તેની પણ તેમને ખબર નથી. પોલીસ તેમનું નામ પુછી ગયેલી તે સિવાય તેમને કંઇ ખબર નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, તેમને કોઇ ઝગડો થયેલ હોય કે મારામારી પણ થયેલ હોય તેની ખબર નથી. તેઓ પોલીસ સ્ટેશન ગયેલા હોય કે પોલીસ તેમના ઘરે આવેલી હોય તેનું પણ બનેલ નથી.

(૭) ફરિયાદપક્ષે શાહેદ નં.૬ સાહેદ–ધર્મેશભાઇ રણછોડભાઇ ભરવાડને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે.તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ કેટલાં વર્ષ પહેલા બનેલો તેની તેમને ખબર નથી. બનાવ કંઈ બાબતનો હતો, બનાવમાં શું બનેલું તેની પણ તેમને ખબર નથી. પોલીસ તેમનું નામ પુછી ગયેલી તે સિવાય તેમને કંઇ ખબર નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, તેમને કોઇ ઝગડો થયેલ હોય કે મારામારી પણ થયેલ હોય તેની ખબર નથી. તેઓ પોલીસ સ્ટેશન ગયેલા હોય કે પોલીસ તેમના ઘરે આવેલી હોય તેનું પણ બનેલ નથી.સાહેદ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે,તેઓ કોઇ જાનમહોમદને ઓળખતા નથી.

(૮) ફરિયાદપક્ષે શાહેદ નં.૭ સાહેદ–નવીન સુરેશ પ્રસાદને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે.સાહેદને ગુજરાતી ભાષાનું જ્ઞાન ન હોય હિન્દીમાં પ્રશ્ન પુછી તેનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરી જુબાની નોંધવામાં આવેલ છે.તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ કેટલાં વર્ષ પહેલા બનેલો તેની તેમને ખબર નથી. બનાવ કંઇ બાબતનો હતો, બનાવમાં શું બનેલું તેની પણ તેમને ખબર નથી. પોલીસ તેમનું નામ પુછી ગયેલી તે સિવાય તેમને કંઇ ખબર નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, તેમને કોઇ ઝગડો થયેલ હોય કે મારામારી પણ થયેલ હોય તેની ખબર નથી. તેઓ પોલીસ સ્ટેશન ગયેલા હોય કે પોલીસ તેમના ઘરે આવેલી હોય તેનું પણ બનેલ નથી.

(૯) ફરિયાદપક્ષે શાહેદ નં.૮ સાહેદ–ઇસરાર અહેમદ મો.મુસ્તફા કુરેશીને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે.સાહેદને ગુજરાતી ભાષાનું જ્ઞાન ન હોય હિન્દીમાં પ્રશ્ન પુછી તેનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરી જુબાની નોંધવામાં આવેલ છે.તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, બનાવ કેટલાં વર્ષ પહેલા બનેલો તેની તેમને ખબર નથી. બનાવ કંઇ બાબતનો હતો, બનાવમાં શું બનેલું તેની પણ તેમને ખબર નથી. પોલીસ તેમનું નામ પુછી ગયેલી તે સિવાય તેમને કંઇ ખબર નથી.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, તેમનો કોઇ સાથે ઝગડો થયેલ હોય કે મારામારી પણ થયેલ નથી. તેમની કોઇ સાથે દુશમની નથી. સાહેદ એ હકીકતોને સ્વીકાર કરે છે કે, તેઓ પોલીસ સ્ટેશન ગયેલા હોય કે પોલીસ તેમના ઘરે આવેલી હોય તેનું પણ બનેલ નથી.

(૧૦)ફરિયાદપક્ષે શાહેદ નં.૯ દા.ક.અ.–મિતેશ રમેશભાઇને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે..તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ તા. ૦૪/૦૫/૨૦૨૩ ના રોજ અમો પલસાણા પોલિસ સ્ટેશનમાં અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ તરીકે ફરજ પર હાજર હતા તે દરમિયાન એક ફરિયાદી જાન મહોમદ જહરૂદ્દીન શાહ, રહે –માહાલક્ષ્મી રેસીડન્સી બિલ્ડીંગ એ, ફ્લેટ નં. ૫૦૪, યોગી દરશન સોસાયટી, મેઘા પ્લાસા, પલસાણા નાઓએ મારામારી અંગેની ફરિયાદ હકીકત તેમની રૂબરૂ જાહેર કરેલ કે ફરિયાદી તથા તેના મિત્ર અરબાઝ ઇસરારનાઓએ તા. ૨૪/૦૪/૨૦૨૩ ના રોજ રાત્રીના નવેક વાગ્યે યોગી વિલા સોસાયટી પાસે ઉભા હતા. તે દરમિયાન આ કામના આરોપી અજય સુધીરામ, રામજીતલાલ બહાદુર અને પન્નાલાલ પારથનાથ નાઓએ આવીને જુની અદાવત રાખી ફરિયાદીના મિત્ર અરબાઝ સાથે બોલાચાલી ઝઘડો કરતા ફરિયાદી તેઓને છોડાવવા વચ્ચે પડતા આરોપીઓએ ગાળાગાળી કરી ઢિકમુક્કીનો માર મારી પન્નાલાલ નાઓએ ચાકુ કાઢી ફરિયાદીને જમણા હાથ અને પેટના ભાગે ઇજા કરી ફરિથી માથાકુટ કરશો તો જાનથી મારી નાખીશુ તેવી

ધમકિ આપી નાશી ગયેલ. જેથી ફરિયાદી સ્મિમેર હોસ્પિટલ સુરત ખાતે સારવાર હેઠળ હોય તે દરમિયાન ફરિયાદીના રૂમમા ઘર વખરીનો સરસામાન તોડ ફોડ કરી નાખેલ હોવાનુ જણાવતા હોય તેઓના લખાવ્યા મુજબ ફરિયાદ લખી લઇ ફરિયાદીની સહીં મેળવી રૂબરૂ તરીકે મારી સહીં કરી, ગુનો રજીસ્ટર કરી પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટએ ગુ.ર.નં.૧૧૨૧૪૦૪૬૨૩૦૪૯૫/૨૦૨૩ ઇ.પી.કો.કલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૫૦૬(૨),૪૨૭, ૧૧૪ મુજબનો ગુનો નોંધી આગળની તપાસ હે.કો.આર.જી. આહીરનાઓ તરફ સુપરત કરેલ. તેમને ફરિયાદ બતાવવામા આવે છે જેમા રૂબરૂ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખે છે, જે અસલ ફરિયાદને દાખલ આંક -૩૭ આપવામાં આવે છે

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે,બનાવ તા. ૨૪/૦૪/૨૦૨૩ ના રોજ કલાક ૨૧/૦૦ વાગ્યાના અરસામા બનેલ જેની ફરિયાદ ફરિયાદીએ તા. ૦૪/૦૫/૨૦૨૩ ના રોજ આપેલ. તથા સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કહેવાતા બનાવની ૧૦ દિવસ મોડી ફરિયાદીએ ફરિયાદ આપેલ છે. અને તેમણે કહેવાતા બનાવની ફરિયાદનો નંબર પાડવા સિવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી.

**(૧૧)**ફરિયાદપક્ષે શાહેદ નં.૧૦ સાહેદ-મેડીકલ ઓફિસર, ડો.હિરેન દિનેશચંદ્ર જાડાવાલાને **,**આંક-૩૮ થી તપાસવામાં આવેલ છે.તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, તેઓ સને ૨૦૧૯ થી સુરત સ્મિમેર હોસ્પિટલમા મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તા. ૨૫/૦૪/૨૦૨૩ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે રાત્રે ૦૧/૪૨ કલાકે આ કામના ઈજા પામનાર ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેમની પાસે સારવાર માટે આવેલા. જેઓએ પોતાનું નામ જાન મહમંદ જહરૂદ્દીન શાહ, ઉ.વ.-૨૭, રહે-મેઘા પ્લાઝા, પલસાણા હોવાનું

જણાવેલ. આ ઈજા પામનારને ઈજા બાબતે પુછતા તેમને પાંચ ઈસમોએ મેઘા પ્લાઝા સોસાયટી પલસાણા ખાતે તા.૨૪.૦૪.૨૦૨૩ના રોજ લાકડી તથા ચપ્પુ વડે, રાત્રીના ૧૦/૦૦ કલાકે માર મારેલાનુ જણાવેલુ. આ દર્દી સભાન અવસ્થામાં હતા, તેનું બીપી ૧૩૦/૯૦ હતું, પલ્સ-૭૪/મિનિટ હતી. આ ઈજાપામનાર તેમની સમક્ષ આવેલ તે સમયે તેને કોઈ બેભાન થવાની, ઉલ્ટીની, ખેંચની તેમજ કાન,નાક,ગળા માંથી લોહી નિકળવાની તકલીફ પણ ન હતી.

આ ઈજા પામનારને નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ.

(૧) ઈજા નંબર ૧.-ડાબા કાંડાના ભાગે સોજો હતો.

(૨) ઈજા નંબર ૨.-જમણા હાથના આગળના ભાગે (ફોર આર્મસ) ૪*૨*૨ સેમી. જેટલો ઇનસાઇઝડવુન્ડ (ઉંડો ઘા) હતો.

(૩) ઈજા નંબર ૩.-પેટના ભાગે ૪*૧*૦.૫ સેમી. જેટલો ઇનસાઇઝડ વુન્ડ (ઉંડો ઘા) હતો.

આ ઈજાપામનારને પ્રાથમિક સારવાર આપી એક્ષરે રિપોર્ટ કઢાવી સર્જરી વિભાગ/ ઓર્થોપેડીક વિભાગમાં સારવાર માટે મોકલી આપેલ. ત્યારબાદ એક્સરે તથા ઓર્થોપેડીક ડોક્ટરના અભિપ્રાય મુજબ કોઈ અસ્થીભંગ કે કોઈ છાતી કે અન્ય શરીરના ભાગે કોઈ ગંભીર ઈજા ન હતી.

આ દર્દીએ સ્મિમેર હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર તથા ઓર્થોપેડીક અભિપ્રાય તથા એક્સરે બાદ સારવાર આપી તા. ૨૫/૦૪/૨૦૨૩ ના રોજ ડિસ્ચાર્જ કરેલો. જે અંગેનુ તેમણે એમ.એલ.સી નંબર ૮૧૦૩/૨૩ વાળું સારવાર સર્ટી આપેલ. જે અસલ સર્ટી તેમને બતાવવામા આવે છે જેમા તેમની સહીં છે તે તે જ છે. જેને રજુ દાખલ આંક -૩૯ આપવામા આવે છે. ઉપરોક્ત સારવાર આપ્યા બાદ પોલીસ વર્ધીબુકમાં નોંધ કરી પલસાણા પી.એસ.ઓ.ને

તા.૨૫.૦૪.૨૦૨૩ના રોજ બનાવની જાણ કરી. તેઓ તેમની સાથે સારવારના બે કેસ પેપર્સ લાવેલા છે જે કોર્ટમાં રજુ કરવા માંગતા હોય,આ તબ્બકે રેકર્ડ ધ્યાને લેતા ડોક્ટરશ્રી રજુ કરવા માંગતા દસ્તાવેજો બચાવપક્ષને ચાર્જશીટ દરમ્યાન મળેલ ન હોઈ જેથી રજુ રાખવા માંગતા બન્ને કેસ પેપર્સોની નકલો બચાવપક્ષને સુપરત કરીએથી કામમાં સામેલ રાખવાનો હુકમ કરવામાં આવે છે. જે રજુ દાખલ અનુક્રમે આંક-૪૦ તથા આંક-૪૧ આપવામાં આવે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે,તેમની પાસે જે દર્દી આવેલ તે પોલિસ યાદી વગર સભાન અવસ્થામા જાતે ચાલીને આવેલો. તથા આ કામે આંક-૩૯ વાળુ સર્ટીફિકેટ તેમણે આપેલું. અને જે હિસ્ટ્રી લખાવેલ. તે તેમણે સર્ટીફિકેટમાં લખેલ. તથા એ હકીકતનો સ્વીકાર કરે છે કે આંક-૩૯વાળા સર્ટીફિકેટના-૨ નંબરના ખાનામાં ૨૪.૦૪.૨૦૨૩ એટ ૧૦:૦૦ એ.એમ. લખેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમનાથી સર્ટીફિકેટમાં ૧૦:૦૦ પી.એમ.ની જગ્યાએ ભુલથી ૧૦:૦૦ એ.એમ. થયેલ છે. સાહેદ એ હકીકતોને સ્વીકાર કરે છે કે, ઈજા પામનારના ઓળખના પુરાવા તેમણે લીધેલા નથી અને ઈજાપામનારનું શરિરનું વર્ણને કે ઓળખના ચિન્હોનો ઉલ્લેખ મેડીકલ પેપર્સમાં કરેલ નથી, પોલીસ સ્ટેશન તેમણે જાણ કરેલ તેની વિગત પણ આંક-૩૯ વાળા સર્ટીફિકેટમાં કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કેસ પેપર્સમાં કરેલ છે. સાહેદ એ હકીકતોનો સ્વિકાર કરે છે કે, ઈજાપામનારે હિસ્ટ્રીમાં કોણે ઈજા કરી તે ઈસમોના નામ લખેલ નથી. એમ.એલ.સી. સર્ટીફિકેટમાં ઈજાની ઉમર અને ઈજાનો કલર દર્શાવવો પડે જે આંક-૩૯ વાળા એમ.એલ.સીમાં તેમણે બતાડેલ નથી. સાહેદ એ હકીકતોનો સ્વિકાર કરે છે કે, ઈજાપામનારને તેમણે સારવાર આપેલ તે અગાઉ અન્ય કોઇ હોસ્પીટલમાંથી સારવાર આપેલ હોય તેવું

તેમણે આંક–૩૯વાળા સર્ટીફિકેટમાં જણાવેલ નથી. દર્દીના રેડીયોલોજીના તમામ રિપોર્ટો સામાન્ય હતા. સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સામાન્ય રીતે કોઇ વ્યક્તી અણીદાર પથ્થર પર પડવાથી આવા પ્રકારની ઈજા થઇ શકે. સાહેદ એ હકીકતનો ઈનકાર કરે છે  કે ઈજાપામનારને આવી કોઇ ઈજા થયેલ ન હોવા છતા સોગંદ ઉપર તેઓ ખોટી જુબાની આપે છે.

**(૧૨)** ફરિયાદપક્ષે શાહેદ નં.૧૧ ત.ક.અ.–રાજીવભાઇ ગોવીંદભાઇ આહિરને ,આંક–૪૫ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપે છે કે, હું સને ૨૦૨૩ ની સાલમાં પલસાણા પો.સ્ટે માં અ.હે.કો. તરીકે તેમની  ફરજ બજાવતા હતા.ત્યારે પી.એસ.ઓ. મીતેષભાઇ રમેશભાઇ એ પલસાણા પો.સ્ટે. ગુ.ર.નં. ०४૯૫/૨૦૨૩ ઈ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭, ૪૪૭, ૧૧૪ મુજબના ગુનાની તપાસ તેમને  સોંપેલી. તેમણે તેમની તપાસમાં પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા આ કામના આરોપી –પન્નાલાલ પારખનાથ પાલ નાઓ પાસેથી મુદ્દામાલ ચપ્પુ રીકવર કરવા અંગેનું પંચનામું કરેલું. જેમાં પંચોએ તેમની  રૂબરૂ માં સહીં કરેલી અને રૂબરૂપણામાં તેમણે સહી કરેલી. ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા. આ કામના ઈજા પામનાર જાનમહોમદ જહરૂદન શાહ નાઓનું સારવાર સર્ટી સુરત સ્મીમેર હોસ્પીટલ ખાતેથી મેળવી તપાસ ના કામે રજુ રાખેલ.તેમણે તેમની તપાસના કામે ચાર્જશીટમાં દર્શાવેલ આ કામના ફરીયાદી–જાનમહોમદ જહરૂદન શાહ નાઓ ચાર્જશીટ માં જણાવેલ સરનામા ઉપર યોગ્ય શોધખોળ કરવા છતાં પણ મળી આવેલ નથી. આ કામના આરોપીઓ વીરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં તેમણે ચાર્જશીટ કરેલું. તેઓ આરોપીઓને ઓળખે છે. જેઓ   નામદાર કોર્ટમા હાજર નથી. બચાવ પક્ષે ઓળખ

અંગે તકરાર નથી. સાહેદ જણાવે છે કે, પંચો જો એવુ કહેતા હોય કે આવા કોઈ પંચનામાં પંચો ની રૂબરૂમાં તૈયાર કરવામાં આવેલ નથી તો પંચો ખોટુ બોલે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખે છે કે, સબબ ગુનાની તપાસ કરવા તેમને કોઈ લેખીત માં હુકમ મળેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ બીટ જમાદાર હોય જેથી પી.એસ.ઓએ તેમને તપાસ આપેલી. સાહેદ એ હકીકતનો ઈનકાર કરે છે કે, પંચોની તેમણે તૈયાર પંચનામાંમાં પોલીસ સ્ટેશનમાં સહીઓ લીધેલી. સાહેદ એ હકીકતનો પણ ઈનકાર કરે છે કે, સાહેદોના નિવેદનો ફરીયાદને અનુરૂપ તેમણે તેમની જાતે જ લખી લીધેલા. સાહેદ એ હકીકતનો પણ ઈનકાર કરે છે કે, આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલ છે.

ઉપરોકત ફરિયાદ પક્ષનો પુરાવો નોધ્યા બાદ આંક–૪૬ થી એ.પી.પી.શ્રીએ કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે કે તેઓ વધુ કોઈ પુરાવો આપવા માંગતા નથી કે કોઈ સાક્ષી તપાસવા માંગતા નથી.

**<u>આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો:</u>–**

**(૧૩)** ઉપરોક્ત પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારિત ફરિયાદપક્ષનો પુરાવો જોતાં આરોપી સામે ગુનાહિત આક્ષેપો અંગે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી આરોપીનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ દલીલો સાંભળવામાં આવેલ.

**<u>ન્યાય નિર્ણયઃ</u>–**

**(૧૪)**આમ, ઉપર્યુકત પુરાવાને ધ્યાને લઈ અત્રેની અદાલત પાસે ન્યાયનિર્ણય માટે પ્રશ્ન રહેલ છે કે, તા.૨૪/૦૪/૨૦૨૩ના કલાક–૨૧/૦૦ વાગ્યાના અરસામાં મૌજે–પલસાણા ગામે મેઘા પ્લાઝા યોગી વીલા બિલ્ડીંગની પાસે રોડ

પર આરોપીઓઓએ એક સંપ થઈ સાહેદ અરબાઝ ઈસરાર અહમ્મદની સાથે જુની અદાવત રાખી બોલાચાલી અને ઝગડો કરવા લાગેલ જેથી ફરીયાદી છોડાવવા જતાં તેમની સાથે ગાળાગાળી કરી આરોપી અજયકુમાર સુધીરામ પાલ તથા રામજીત લાલબહાદુર પાલનાઓએ ઢીકમુકકીનો માર મારી અને આરોપી પન્નાલાલ પારથનાથ પાલનાઓએ ચાકુ કાઢી ઝપાઝપીમાં ફરીયાદીના જમણા હાથ પર તથા પેટના ભાગે ચાકુથી ઈજા કરી બીજીવાર માથાકુટ કરશો તો જાનથી મારી નાખીશું એવી ધમકી આપી તથા ફરીયાદીના રૂમમાં ગેરકાયદેસર પ્રવેશ કરી રૂમમાંનો સામાનની તોડફોડ કરી નુકશાન કરી ઈ.પી.કો કલમ ૩૨૩, ૩૨૪, ૪૪૭, ૫૦૪,૫૦૬(૨), ૪૨૭,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે કે કેમ?

**(૧૫)** આ કામે ગુનાવાળી જગ્યાના પંચ આંક–૧૨ તથા આંક–૦૮થી હથિયાર કબજે કર્યાના પંચો તથા આંક–૧૪ ના મુદામાલ રીકવર કરનાર પંચની જુબાની જોવામાં આવે તો તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. તેથી તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૬)** આ કામે અન્ય તપાસવામાં આવેલ સાહેદો તકદીરૂનીશા ઈસરાર અહેમદ કુરેશીને આંક–૨૧ થી,આશિષ રામદાસ કુસ્વાહને આંક–૨૨,ધર્મેશભાઇ રણછોડભાઈ ભરવાડને આંક–૨૩ ,નવીન સુરેશ પ્રસાદને આંક–૨૪ તથા ઈસરાર અહેમદ મો.મુસ્તફા કુરેશીને, આંક–૨૫ થી સદર તમામ સાહેદો ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્ધાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્ધારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષીઓ જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત

રેકર્ડ પર આવેલ નથી.તથા મિતેશ રમેશભાઈની આંક–૩૬ ની જુબાની જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, તેઓએ ફરીયાદને નંબર પાડવા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી.

**(૧૭)** આ કામે અન્ય મહત્વના સાહેદ એવા મેડીકલ ઓફિસર ડો. હિરેન દિનેશચંદ્ર જાડાવાલા તેમણે તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરીયાદીને થયેલ ઈજાનું વર્ણન તથા તેમણે કરેલ સારવારની રજુઆત કરેલ છે, તથા તેઓ તેમની કોર્ટ રૂબરૂની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમની પાસે જે દર્દી આવેલ તે પોલિસ યાદી વગર સભાન અવસ્થામા જાતે ચાલીને આવેલો. ઈજા પામનારના ઓળખના પુરાવા તેમણે લીધેલા નથી અને ઈજાપામનારનું શરિરનું વર્ણને કે ઓળખના ચિન્હોનો ઉલ્લેખ મેડીકલ પેપર્સમાં કરેલ નથી.દર્દીના રેડીયોલોજીના તમામ રિપોર્ટો સામાન્ય હતા. સામાન્ય રીતે કોઈ વ્યક્તી અણીદાર પથ્થર પર પડવાથી આવા પ્રકારની ઈજા થઇ શકે.જેથી ડોકટર સાહેદ પણ ભારપુર્વક એ બાબત જણાવી શકતા નથી કે આ કામના આરોપીઓએ ફરીયાદીને જમણા હાથ પર કે પેટના ભાગે ચાકુ મારવાથી કે ઝપાઝપીના કારણે તે ઈજાઓ થયેલ હોય.તેમની જુબાનીથી એવી કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી કે આ ગુનામાં આરોપીઓની સંડોવણી સાબિત કરી શકાય.

વધુમાં, નામદાર સર્વોચ્ચ ન્યાયાલયે ઝારખંડ રાજય વિરૂધ્ધ લલ્લુ મનજી ના કેસમાં નોંધેલ છે કે.......

> ***"The Law of evidene does not require any particuler number of witness to be examined in proof of a given fact. However, faced with the testimony of a single witness the court may classfy the oral testimony into three categories, namely. 1.Wholly reliable 2. Wholly***

***unrealible 3.neither wholly relible and wholly unrelible. Inthe first two categories there mau be no difficulty in acepting or discarding the tetimony of the single witness. The difficultyarises inthe third category of cases. The court has to be circumspect and has to look for corroboration in material particuler by realible testimony , direct or circumstantial, before acting upon the testimony of single witness.”***

આમ, નામદાર સર્વોચ્ચ ન્યાયાલયે ઉપરોકત ચુકાદામાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, જયારે રીલાયેબલ સાહેદ હોય તો તેના એકલાની જુબાનીથી સજાની શકયતા વધી જાય છે, પરંતુ જો સાહેદની જુબાની અનરીલાયેબલ હોય તો બીજા સાંયોગીક પુરાવાથી રહેલ ક્ષતિ દુર થઈ શકતી નથી. આમ, હાલના કેસમાં પણ ઉપરોકત ચુકાદો લાગુ પડે છે. જેથી, ઉપરોકત ચુકાદા મુજબ આરોપીને શંકાનો લાભ આપવો વાજબી અને ઈચ્છનીય છે તેવુ મારુ માનવુ છે.

(૧૮) આ કામે ત.ક.અ. તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જણાવે છે કે, આ કામના ફરીયાદી જાનમહોમદ જહરૂદન શાહનાઓ ચાર્જશીટમાં જણાવેલ સરનામે યોગ્ય શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી.આમ આ કામે અત્યંત મહત્વના સાહેદ એવા ફરીયાદી કે જેઓ ભોગ બનનાર છે તેઓની જુબાની સદરહુ કામે મહત્વપુર્ણ ગણાય તે રેર્કડ પર આવવા પામેલ નથી રેર્કડ પર આવી શકેલ નથી.

વધુમાં સરકાર તરફે આંક–૪૬ થી સાહેદો તપાસવા માંગતા નથી તેવું કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. આમ ફરીયાદ પક્ષના મુખ્ય એવા ઈજા પામનાર ફરીયાદીને રેકર્ડ પર લાવી ફરીયાદ પક્ષ તપાસી શકેલ નથી. વધુમાં ઈજા પામનાર ફરીયાદીને સારવાર આપનાર ડોકટરશ્રી ઈજા અંગે સ્પસ્ટ પુરાવો રેર્કડ પર લાવેલ છે,જયારે ઈજા બાબતે ફરીયાદીની ફરીયાદમાં જણાવ્યા મુજબના સાહેદોને

તપાસતાં તમામ સાહેદો તથા પંચો હોસ્ટાઇલ થયેલ છે એટલે કે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. આમ ઈજા રેર્કડ પર ડોકટરશ્રીના પુરાવાથી આવે છે, પણ ફરીયાદીને જે ઈજા થયેલી છે તે ઈજા હાલના આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ હોય તેવો કોઈ સ્પસ્ટ પુરાવો રેર્કડ પર ફરીયાદ પક્ષ લાવી શકેલ નથી. જેથી બનાવમાં આરોપીઓની ભુમિકા એક શંકા ઉત્પન્ન કરે છે. તથા ત.ક.અ. વધુમાં જણાવે છે કે, સબબ ગુનાની તપાસ કરવા અંગે તેમને કોઇ લેખિતમાં હુકમ મળેલ નથી. તેમની જુબાની પરથી પણ એવો કોઈ સ્પસ્ટ પુરાવો રેકર્ડ પર આવવા પામેલ નથી કે જેનાથી આરોપીઓને આક્ષેપિત ગુનાઓ સાથે સાંકળી શકાય. આ કામે તપાસવામાં આપેલ કોઈ સાહેદો, પંચો કે  ત.ક.અ. નાઓએ એવો સ્પસ્ટ પુરાવો આપેલ નથી કે તેઓએ આરોપીઓને આ ગુનો કરતાં નજરે જોયેલ નથી કે અગાઉની અદાવત રાખી ફરીયાદીને બોલાચાલી કરતાં,ઝગડો કરતાં, ગદડાપાટુનો માર મારતાં અને ચાકુ મારતાં જોયેલા છે.

આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા આરોપીઓએ ચોકકસ કયા શબ્દોનું  પ્રયોજન કરી ગાળ આપેલ તેના શબ્દો સ્પષ્ટ સ્વરૂપે દર્શાવેલ નથી. તેમજ આરોપીઓએ ગાળોના ચોકકસ શબ્દો પુરાવામાં જણાવેલ નથી. જે ઉપરોકત પુરાવો ઘ્યાને લેતા આ કામે ગાળોના ચૌકકસ શબ્દો રેકર્ડ ઉપર આવેલ નથી. હકીકત આરોપીઓ તરફેની દલીલથી તેમજ ના.ગુજરાત વડી અદાલતના  પટેલ નરોત્તમ તુલસીદાસ વિ.સ્ટેટ ઓફ ગુજરાત જે ૧૯૭૩ (૨) જી.એલ.આર. પાન નં. ૫૨૨ ના ચૂકાદો તથા ના.અલ્હાબાદ વડી અદાલતના રામેશ્વરપ્રસાદ શ્રીવાસ્તવ વિ. ઉત્તર પ્રદેશ રાજય જે ૧૯૮૪ ક્રિ.લો.જ.પાન નં. ૯૯૬ નો ચુકાદાઓ ઘ્યાને લ ેતાં આરોપીઓ ને ઈ.પી.કો. કલમ–૫૦૪ ના ગુન્હામાં પુરાવાના અભાવે શં કાનો લાભ આપવો ઉચિત જણાય છે.

વધુમા, આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ-૫૦૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ છે. આઈ.પી.સી. કલમ- ૫૦૬(૨) ની કલમ જોવામાં આવે તો, જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા વિગેરે કરવાની હોય તો:- જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકત નો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારીત્રય હીનતા નો આક્ષેપ કરવાની હોય તો તે માટે ની જોગવાઈઓ સદર કલમમાં સમાવવામાં આવેલ છે. સદર કલમ ના તત્વો નીચે મુજબ છે.

(૧)આરોપીએ ફરીયાદીને તેના શરીર, મિલકત અથવાપ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિત સાથે હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ધમકી આપી.

(૨) આવી ધમકી ફરીયાદી ને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કૃત્ય કરવા કાનુન બધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કૃત્ય કરવાનો તેમને કાનૂની અધિકાર ન હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નીપજાવવાની કે મહાવ્યથા નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકત નો આગથી નાશ કરવાની અથવા આજીવન કેદ કે સાત વર્ષ સુધીની કેદ ને પાત્ર ગુન્હો કરવાની સ્ત્રી પર ચારીત્રયહીનતા નો આક્ષેપ કરવા અંગે ની હતી. તેવો પુરાવો ફરીયાદ પક્ષ રેર્કડ પર લાવવામાં નિષ્ફળ નીવડેલ છે.

**(૧૯)**ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને ફરિયાદપક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપીઓ સામેનો કેસ વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઇએ. આરોપીઓ ઉપર તે પોતે નિર્દોષ છે તેવું સાબિત કરવાનો નકારાત્મક બોજો નાંખી શકાય નહિં. આમ, ફરિયાદપક્ષ આરોપી

વિરુદ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આથી કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી નિર્ણયઃ</u>–

**(૧)** આ કામના આરોપીઓ ૧.–**અજયકુમાર સુધીરામ પાલ**,રહે– પલસાણા રાજકૃષ્ણ રેસીડેન્સી, ઘર નં. ૩૦૩, મેધા પ્લાઝા, તા. પલસાણા,જી.સુરત., આરોપી નં.ર.–**રામજીત લાલબહાદુર પાલ**, રહે– પલસાણા રાજકૃષ્ણ રેસીડેન્સી, ઘર નં. ૩૦૩, મેધા પ્લાઝા, તા. પલસાણા,જી.સુરત.,આરોપી નં. ૩.–**પન્નાલાલ પારથનાથ પાલ**, રહે– પલસાણા વિનાયક પેલેસ રૂ.નં.–૧૦૪, મેધા પ્લાઝા, તા. પલસાણા,જી.સુરત. ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૪૮(૧) હેઠળ ઇ.પી.કો કલમ–૩૨૩,૩૨૪,૪૪૭, ૫૦૪, ૫૦૬(૨),૪૨૭,૧૧૪ મુજબના સબબ શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૩૭(ક) મુજબના રૂ.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) જાત મુચરકા અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ચપ્પુનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૧૧ , માહેઃ માર્ચ , સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૧/૦૩/૨૦૨૬

મુ.પલસાણા. **(જે.જે. આહુજા)**

જ્યુડિ. મૅજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.

U.I.Code No.GJ01436

## -:ચુકાદાનું પરિશિષ્ટ:-

<u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી</u>

<u>અ. ફરિયાદપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧ | મેહુલભાઇ દેવરામભાઇ બેહેડે | ગુનાવાળી જગ્યાના પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૨ | જતીન તરૂણભાઇ સોંલકી | ગુનાવાળી જગ્યાના પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૩ | પ્રતાપસીંગ રતનસીંગ ગિરાસે | મુદામાલ રીકવરીના પંચ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૪ | તકદારરૂનીશા ઇસરાર અહેમદ કુરેશી | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૫ | આશિષ રામદાસ કુસ્વાહ | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૬ | ધર્મેશભાઇ રણછોડભાઇ ભરવાડ | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૭ | નવીન સુરેશ પ્રસાદ | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૮ | ઇસરાર અહેમદ મો.મુસ્તફા કુરેશી | સાહેદ |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૯ | મિતેશ રમેશભાઇ | દા.ક.અ. |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧૦ | ડો.હિરેન દિનેશચંદ્ર જાડાવાલા | સાહેદ(મેડીકલ ઓફિસર) |
| ફરિયાદપક્ષે શાહેદ ક્રમાંક ૧૧ | રાજીવભાઇ ગોવીંદભાઇ આહિર | ત.ક.અ. |

<u>બ. બચાવપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

| | | |
|---|---|---|
| બચાવપક્ષે શાહેદ ક્રમાંક | બચાવપક્ષે કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

ક. અદાલત દ્વારા

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ શાહેદ ક્રમાંક | અદાલત દ્વારા પણ કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજુ દસ્તાવેજોના આંકની યાદી

અ. ફરિયાદી

| **અનુક્રમ** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧ | ૦૯ | હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૨ | ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૩૭ | ફરીયાદ |
| ૪ | ૩૯ | એમ.એલ.સી. સર્ટીફિકેટ |
| ૫ | ૪૦,૪૧ | ડોકટર સાહેદ ધ્વારા રજુ થયેલ કેસ પેપર્સોની નકલો |

બ. બચાવ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | - |

ક. ન્યાયાલય

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | - |

ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ચપ્પુ | એક પ્લાસ્ટિકના હાથામાં ફિટ કરેલ હોય જે હાથાની લંબાઇ સાડા ચાર ઇંચની અને ચપ્પુની લંબાઇ પાંચ ઇંચની છે તે. |

તા.૧૧/૦૩/૨૦૨૬ જે.જે. આહુજા

મુ.પલસાણા. જ્યુડિશિયલ મૅજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

પલસાણા.